# જ્ઞાતિમૈયા

**જ્ઞાતિનું એકમાત્ર અધિકૃત મુખપત્ર**

ઈ-મેગેઝીન ● વર્ષ : ૨ ● અંક : ૨૯ ● સળંગ અંક : ૮૦ ● તા. ૨૧ ડિસેમ્બર થી ૨૭ ડિસેમ્બર ૨૦૧૯

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**, Room No. 3, Ground Floor, Anantsidhi Jain Mandir, Opp. Badwaik Hospital, 107, L.B.S. Road, Bhandup (West), Mumbai - 78.


## શ્રી અનંત મિત્ર મંડળ ભાંડુપ દ્વારા

# પાવાગઢ યાત્રા પ્રવાસ સંપન્ન



પડી જવાથી
પતન થતું નથી,


પડયા રહેવાથી
જરૂર થાય છે...

- અજ્ઞાત



નીશિથ આનંદ દંડ

Sure Safety®
Complete Safety Solutions
PPE Training Consulting & Services



જ્ઞાતિ શિરોમણી શેઠશ્રી નરશી નાથા


-: સંપાદક ગણ :-

નીશિથ આનંદ દંડ

જયંત વસનજી છેડા

રાજેન્દ્ર મણિલાલ ખોના

લક્ષ્મીચંદ લાલજી પોલડીયા

પ્રવીણ હંસરાજ લોડાયા

તિલોકચંદ નરશી દંડ

કીર્તિકુમાર ધનજી ધરમશી



-: કાર્યાલય :-

પોસ્ટ/કુરીઅર પત્રવ્યહાર માટે સરનામું

Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan

3, Anant Siddhi Building, Gr. Floor, LBS Marg, Bhandup (West), Mumbai - 400 078.

જ્ઞાતિમૈયા હવે નેટ પર....

http://www.kdosm.org

Email : gyatimaiya2018@gmail.com



**નોંધ :** આ પત્રમાં પ્રકાશિત તથા લેખકોનો સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ તેને લગતા લેખો કે કોઈ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે જ્ઞાતિમૈયા સમિતિની કોઈ જવાબદારી નથી.


## અમારી વાત...

### સંપાદક સ્થાનેથી

# નમે તે સૌને ગમે

એક બોધ કથા છે. સખત વાવાઝોડું આવ્યું જે માલ મિલકતનું સર્વનાશનું કારણ બન્યું. અસંખ્ય માનવજીવનનું મોતનું કારણ બન્યું. આ કુદરતી આપદાથી કુદરતનો કોપ કોને કહેવાય તેનો હુબહુ પરિચય થયો. સીમાડામાં ઉગેલા મોટા મોટા વૃક્ષ અક્કડ રહ્યાં એ તૂટીને કડકભૂસ થઈ ગયા જ્યારે જે પરિસ્થિતિ સમજીને નમી ગયા એ ઉગરી ગયા, બચી ગયા વાવાઝોડું આવ્યું ને વિનાશ વેરી ચાલી ગયું પણ સમાજાવીને એક સંદેશો આપી ગયું કે નમે તે સૌને ગમે પરિસ્થિતિ પ્રમાણે પોતોને ન બદલાવ શો તો ખપી જશો, તૂટી જશો, જડમૂળથી ઉખડી જશો.

જિંદગીના પ્રવાહનું પણ એવું જ છે. જે જે લોકો પરિસ્થિતિ પ્રમાણે નમતા નથી. ઝૂકતા નથી અક્કડ બનીને સોટી જેવા સીધા થઈને ઊભી રહે છે તે સંજોગોમાં સપડાઈ ખડકો જાય છે. પોતાના ગુમાનમાં ભારથી ભોંયસોંત થઈ જાય છે. પણ જે પરિસ્થિતિ સંજોગને સમજીને નીચે ઝૂકી જાય છે. તે નવજીવન પામે છે. આમ જે હવાની જેમ વહે છે અને પાણીના પ્રવાહની જેવા સપાટ ગતિમાં દોડે છે. તે બચી જાય છે. જિદ્દી, અક્કડ અને હઠાગ્રહી સ્વાભાવના લોકો બટકી જાય છે. સરળ સીધાં અને પરિસ્થિતિ પ્રમાણે પોતાની જાતને ઢાળી દેનાર નવું જીવન માણે છે.

પ્રસિદ્ધ ચિંતક લાઓત્સે કહે છે કે હવા જેવા બનો અને નદીના પ્રવાહી જેમ વહેતા રહો તો જીવનનો આનંદ મળશે. પણ આપણી મુશ્કેલી એ છે કે આપણે વહેતા નથી. રોડાની જેમ આડા રહી અન્યોનું રસ્તો રોકી પાડીએ છીએ નથી ચાલતા કે આગળ વધતા કે નથી કોઈને ચાલવા દેતા. જેને લીધે સમયના પ્રવાહ સાથે તાલ મેળવી શકતા નથી.

આવી જ સમજણ વિષેની અજ્ઞાનતા પ્રર્વતે છે. દરેક જણ બીજાથી પોતે સમજદાર છે તેમ જીવે છે. પોતાને અતિજ્ઞાની સમજનાર હકીકતમાં અહંકાર ભર્યો હોય છે. પણ અતિજ્ઞાની છું ની સમજ આપણે સંઘ બનાવી દે છે. અને આ બાબતમાં હું અજ્ઞાની છું એવું સ્વીકાર કરવું આપણા માટે મુશ્કેલ ભર્યું થાય છે.

દરેક વિષયમાં દરેક જાહેર બાબતોમાં આપણું જેટલું જ્ઞાન હોય જેટલો આપણને બોલવાનો કહેવાનો અધિકાર હોય એટલો જ અન્યોને કહેવું જોઈએ. નહિતો આપણી વાણી વ્યર્થ બની જાય છે. આપણા કાર્યક્ષેત્રની બહારની વસ્તુને છેડવી કે છંછેડવી ન જોઈએ એમાં જ શાણપણ છે. પણ અતિજ્ઞાનીનો બોજ ને લીધે આપણે વાતવાતમાં ડહાપણ ડોળવા બેસીજઈએ છીએ. સલાહ સંભાળવી ગમતી નથી આપવી ગમે છે. પણ આપણી જીદ, અહંકાર અને અજ્ઞાનને લીધે સાચી વાત કોઈને સમજાતી નથી. અહંકારનો પાટો આંખો આડે હોવાને લીધે સરળને સાચો રસ્તો આપણને દેખાતો નથી.

આ વ્યવહાર સમાજમાં કે જાહેરમાં કે જાહેર જીવનમાં આપણને પછાત પાડે છે. અજ્ઞાન, અહંકાર અને અક્કડ પણું આખરે માણસને લટકાવી દે છે. વ્યવહારથી ભટકાવી દે છે. જ્યારે નમ્રતા સજ્જનતા અને ધૈર્ય પણું આપણને કંઈ કેટલી મુશ્કેલીઓમાંથી બચાવી લે છે. જગતમાં બધું જ સારું અને સુખમય છે પણ એ બધાનો આધાર આપણે કેવા છીએ, કેવા વર્તીએ છીએ અને કેવી રીતે સૌની પ્રત્યે વ્યવહાર રાખીએ છીએ એની ઉપર નિર્ભર છે બાકી જે નમી જાય છે. તે સૌને ગમી જાય છે.

– જય જ્ઞાતિમૈયા

# શ્રી અનંત મિત્ર મંડળ ભાંડુપ દ્વારા પાવાગઢ યાત્રા પ્રવાસ સંપન્ન



શ્રી અનંત મિત્ર મંડળ ભાંડુપ દ્વારા ૧૫મો યાત્રા પ્રવાસનું આયોજન કરવામાં આવ્યું હતું. સર્વ પ્રથમ તા.૧૮.૧૨.૨૦૧૯ બુધવાર રાત્રે ૧૧.૩૦ ક. મુંબઇથી સેન્ટ્રલથી વડોદરા એક્ષપ્રેસમાં વડોદરા તરફ પ્રયાણ કરી તા.૧૯.૧૨.૨૦૧૯ ગુરુવાર વડોદરા રેલ્વે સ્ટેશને થી બસથી પાવાગઢ શ્રી ચિંતામણી પારસનાથજી દેરાસરના દર્શન તથા ભોજનશાળામાં નવકારશી કરી મહાકાળી માતાના દર્શન માટે પગપાળા/રોપવેમાં જઈ ભક્તિભાવપૂર્વક દર્શન કર્યા હતા.

ત્યારબાદ દર્શન કરી નીચે આવી જૈન દેરાસરની ભોજનશાળામાં જમીને બપોરે ૨.૦૦ /૨.૧૫ ક. વડોદરા સીટી તરફ પ્રયાણ કરી KDO સોસાયટી વિમલનાથ દર્શન સમુહ ચૈત્યવંદન પછી પ.પૂ. હિતપ્રજ્ઞાશ્રીજી મ.સા ને સમુહ વંદન કરી ચોવીહાર પછી કે.ડી.ઓ જૈન સંઘ વડોદરા સાથે શ્રી મહાકાળી માતાની ભાવનાની રમઝટને દેરાસરમાં પખાવાઝ કરી વડોદરા સ્ટેશન તરફ પહોંચ્યા હતા.

ત્યારબાદ રાત્રે બરોડા એકસપ્રેસથી શુક્રવાર, તા.૨૦ સવારના ૫.૩૦ વાગે મુંબઈ સેન્ટ્રલ પહોંચ્યા હતા.

આ વખતે શ્રી અનંત મિત્ર મંડળ ભાંડુપની નવરાત્રી ભાવનાને ૨૫ વર્ષ પુરા થવા નિમીતે પાવાગઢ પ્રવાસનું આયોજન મંડળે ફક્ત ૧૧૦૦માં દરેક યાત્રિકો પાસેથી લીધેલ.

શ્રી અનંત મિત્ર મંડળ ભાંડુપને યાત્રા પ્રવાસના આયોજનમાં જનાર દરેકે દરેક યાત્રિકોએ ભક્તિભાવપૂર્વક વંદન આરાધના કરી હતી.





# સુરતમાં દીક્ષા લેનાર પાંચ મુમુક્ષુઓ બેંગ્લોર પહોંચ્યા



તા. ૧ ફેબ્રુઆરી ૨૦૨૦ શનિવારના દિને સુરત નગરે થનારા દીક્ષા મહોત્સવના ભવ્ય કાર્યક્રમ પ્રસંગે ૫ દીક્ષાર્થી મુમુક્ષરત્નો દીક્ષા લેશે. તેઓ સૌ બેંગલોર ખાતે સમસ્ત કચ્છી દશા ઓસવાલ મહાજનના મેનેજીંગ ટ્રસ્ટી કીર્તિભાઈ ધનજીભાઈ ધરમશી સુથરીવાલાના નિવાસ સ્થાને પગલાં કરેલ.

ધરમશી પરિવાર વતી તેમનું ઉમળકાભેર સ્વાગત કરાયું તેમજ આનંદ અને ભાવથી બહુમાન કરાયેલ.

# જલગામ નગરમાં આ મહાદેવસાગરસૂરી મ.સા.ની નિશ્રામાં પોષ દશમીની ભવ્ય આરાધના થઈ

જલગામમા આ. મહોદયસાગરસૂરી મ.ની નિશ્રામાં પોષ દશમીની ભવ્ય આરાધના અચલગચ્છ શણગાર સૂરી ભગવંતોની દિવ્યકૃપા તારક આજ્ઞા તથા શુભાશીષોથી આગમ દિવાકર પ.પૂ.આ.ભ.શ્રી મહોદયસાગરસૂરીશ્વરજી મ.સા. ઠા. ૩ તા. ૧૭ના ભવ્ય સામૈયા સહ ખાનદેશની સુવર્ણ નગરી તરીકે ઓળખાતા જલગામ શહેરમાં પધારતાં ભવ્ય સામૈયા સહ પ્રવેશ થયેલ. વિહાર સેવાગ્રુપના દસેક યુવાનો વહેલી સવારે ૧૫ કિ.મી. દૂર સુધી પહોંચી આવ્યા હતા. તા. ૧૭ થી ૧૯ સુધી વાસુપૂજ્ય સ્વામી જિનાલયે પ્રવચન બાદ તા. ૨૦ થી ૨૨ સુધી પોષ દશમીની ભવ્ય દાદાવાડીમાં પધારશે. ત્યાર બાદ બે દિવસ ધર્મનાથ જિનાલય ઉપાશ્રયે પુજ્યશ્રીના પ્રવચનો રહેશ. જલગામમાં રહેતા કચ્છી સમાજના ૧૩૫ ઘરો સહિત ગુજરાતી તથા મારવાડી સમાજના કુલ ૪૦૦ ઘરોના ભાવિકોમાં આનંદોલ્લાસનું મોજું ફરી વળ્યું છે. તા. ૨૫ના અત્રેથી વિહાર કરી તા. ૧૮ના ચોપડા ગામમાં કચ્છી પરિવાર તરફથી આયોજિત શ્રી સિદ્ધચક્ર મહાપુજનમાં નિશ્રા આપવા તેમની ભાવભરી વિનંતીને માન આપીને પધારશે.

**જ્ઞાતિમૈયા માટે આપના વ્યક્તિગત તેમજ સંસ્થાકીય સમાચારો ફોટા સાથે મોકલાવો**

**Email : gyatimaiya2018@gmail.com**

**Whats App : 93222 57731**

**Read E-Paper http://www.kdosm.org**

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**
**3, Anant Siddhi Building, Gr.Floor, LBS Marg, Bhandup (West) Mumbai - 78.**

# પ્રબોધ મુનવરને રાજ્યકક્ષાનો દિવ્યાંગ પારિતોષિક અર્પણ



ગુજરાત રાજ્ય શ્રમ અને રોજગાર વિભાગની ગુજરાત પસંદગી સમિતિ દ્વારા દિવ્યાંગ વ્યક્તિઓને રોજગાર અપાવવા તથા દિવ્યાંગ વ્યક્તિઓ માટે કરેલ શ્રેષ્ઠ કામગીરી બદલ માનવજ્યોત સંસ્થા ભુજનાં પ્રબોધ મુનવરને રાજ્યકક્ષાનો દિવ્યાંગ પારિતોષિક અર્પણ કરાયો હતો.

પશ્ચિમ કચ્છ જિલ્લા પોલીસ વડા એસ.પી.શ્રી સૌરવ તૌલંબીયાનાં વરદ હસ્તે આ એવોર્ડ અર્પણ કરાયો હતો. આ પ્રસંગે ભુજ શહેર નગર અધ્યાક્ષ લતાબેન સોલંકી, કારોબારી ચેરમેન ભરતભાઈ રાણા, નગર સેવિકા ગોદાવરીબેન ઠક્કર, મનીષભાઈ ગુરવાણી, જિલ્લા રોજગાર અધિકારી એમ.કે.પાલા, જયકુમાર શાહ, ડી.એમ. આચાર્ય, જે.બી. મિસ્ત્રી, છત્રપાલસિંહ ઝાલા, ડી.એ. પરમાર સહિતનાં અગેવાન અને અધિકારી ઉપસ્થિત રહી આભિનંદન પાઠવ્યા હતા.







# કચ્છના દેઢિયા નગરે ગુણ પાર્શ્વનાથ તીર્થે સાહિત્ય સમારોહ યોજાયો





તા. ૧૪ ડિસેમ્બર શનિવાર રોજે દેઢિયા નગરે ગુણ પાર્શ્વનાથ તીર્થ મધે સાહિત્ય દિવાકર પં.પૂ.આ.ભ.શ્રી કલાપ્રભસાગરજીસૂરિશ્વરજી મ.સા.ની પ્રવચનકારી નિશ્રામાં સાહિત્ય સમારોહ યોજવામાં આવ્યો.

આ સમારોહમાં વિવિધ સાહિત્યકારો તેમજ પી.એચ.ડી. ડિગ્રી મેળવેલ વિદ્વાનોએ પોતાના રિસર્ચ નિબંધો પ્રસ્તુત કરેલ.

# અનંત યુવાશક્તિ દ્વારા મેનીફેસ્ટો પર ચંદન છાંટણા વિધિ કરાઈ






તા. ૧૫ ડિસેમ્બર રવિવાર દિને સવારે ૧૦ કલાકે શ્રી અનંતનાથ ટ્રસ્ટ શ્રી ક.દ.ઓ મુંબઈ મહાજન જેવી પવિત્ર સંસ્થાનાં ચૂંટણીના અનંતયુવા શક્તિ દ્વારા મેની ફેસ્ટો પર ચંદન છાંટણાકરી આદિનાથ દાદા પાસેથી આશીર્વાદ લઈને ભાંડુપ અને કાંજુરમાર્ગમાં પ્રચારની શરૂઆત કરાઈ. કુંવરજીભાઈ લોડાયાના ઘરે આશિર્વાદ લઈને આ પ્રચાર ઝુંબેશનો પ્રારંભ કરવામાં આવ્યો હતો.





# આગમ દિવાકર પ.પૂ.આ.ભ.શ્રી મહોદયસાગર સૂરિશ્વરજી મ.સા.ના પ્રવચન લાભથી જલગામ સંઘ ધન્ય થયું



આગમ દિવાકર પ.પૂ.આ.ભ.શ્રી મહોદયસાગરસૂરીશ્વરજી મ.સા. આદિઠાણા ૩નું દિવસ વાસુપૂજ્ય સ્વામી દેરાસર ઉપાશ્રયમાં ૩ દિવસ ધર્મનાથ દેરાસર તથા ૨ દિવસ ભાગ્ય વર્ધન પાર્શ્વનાથ દેરાસર દાદાવાડીમાં સ્થિરતા કરી પ્રવચન વ્યાખ્યાનનો લાભ આપ્યો. આમ આ રીતે પૂજ્યશ્રી જલગામ નગરમાં આઠ દિવસના સત્સંગથી સકળ સંઘ ધન્ય બન્યું.

# જલગામ સંઘમાં શ્રી મહોદયસાગર મ.સા.નો પ્રવેશ





તા. ૧૭ ડિસેમ્બર મંગળવાર સવારે પ.પૂ.આ.ભ.શ્રી મહોદયસાગર સૂરિશ્વરજી મ.સા. મહારાષ્ટ્ર પ્રદેશના ખાનદેશ પ્રાંતના જલગામ નગરમાં પ્રવેશ કરેલ, વાજતે, ગાજતે પ.પૂ.આ.ભ.શ્રીનો સંઘ દ્વારા ભવ્ય સામૈયું કરવામાં આવ્યું હતું તેઓશ્રી ગુરુવાર તા.૧૯ સુધી સર્વ ભાવિકોને ભાવપૂર્વક ધર્મઆરાધના કરાવી હતી. સકળ સંઘના શ્રાવક શ્રાવિકાઓ ત્રણ દિવસ સુધી મ.સા.ના દર્શન વંદન અને વ્યાખ્યાન શ્રવણનો અલભ્ય લાભ લઈ તેઓ ધન્ય થયા હતા ત્યારબાદ તેઓશ્રીએ પાચોરા તરફ પ્રયાણ કરેલ.

# દમયંતીબેન તન્ના (મોમાયા) દ્વારા માનવસેવા યજ્ઞ

મુલુંડમાં ક.દ.ઓ. જ્ઞાતિના લક્ષ્મીચંદ (પન્નુ મામા) રતનશી મોમાયા કચ્છ વરાડીયા હાલે ઘાટકોપરના પુત્રી દમયંતીબેન તન્ના પોતાના એકમેવ દિકરા સ્વ.નિમેષની યાદ ચિરસ્મરણીય રહે એ માટે છેલ્લા ૧૦-૧૨ વર્ષથી મુલુંડના નિઃસહાય અસહાય વૃદ્ધ વડીલજનોને માટે બપોરનું ભોજન નિઃશુલ્ક ટિફિન દ્વારા તેમના ઘરે પહોંચાડી માનવતા અને સમાજસેવાનું મૂક સેવાકાર્ય અબાધિત અને અવિરત કરી રહ્યાં છે. તેમની આ માનવ સેવા કાર્ય અનુમોદનાને પાત્ર છે.

દમયંતીબેનના આ ભગિરથ કાર્યમાં મુલુંડના લોહાણા તેમજ કચ્છી ભાઈ-બહેનોનો પણ સાથ સહકાર મળી રહ્યો છે તેઓ નિઃશુલ્ક ટિફીન સેવા સાથે આદિવાસી એરીયામાં સમયાંતરે જઈ અને બાળકોને શાળા ઉપયોગી વસ્તુઓનું વિતરણ કરી એક અનોખા માનવ સેવા પણ કરે છે.

# શ્રીઋષિમંડળ મહાસાધના આરાધના

અચલગચ્છના ઓજસ્વી પ્રવચનકાર યુવા મુનિશ્રીગુણવલ્લભ સાગરજી મ.સા. તા ૨૨ ડિસેમ્બર રવિવારના દિવસથી ત્રણમાસ સંપૂર્ણ મૌનપૂર્વક ૯૦ દિવસની મહાપ્રભાવશાળી શ્રી ઋષિમંડળ મહાસાધનાનો પ્રારંભ કરશે.

સૌ ગુરૂભક્તો, સકળ સંઘના સર્વે શ્રાવક, શ્રાવિકાઓની એ શુભ ભાવના કે પૂજ્યશ્રીની ૯૦ દિવસીય મૌન સાધના આનંદ તેમજ સુખરૂપ સફળતાને વરે એવી શુભકામના.

# ચાલીસગામ સંઘમાં ત્રિદિવસીય પ્રયાણોત્સવનું ભવ્યાતિ ભવ્ય આયોજન

મહારાષ્ટ્ર રાજ્યના ખાનદેશ પ્રદેશના ધર્મસ્થળ ચાલીસગામનગરમાં ગામ તેરા હાલે રાયપુરના માતુશ્રી ભીમલતાબેન પાનાચંદ લોડાયાની પૌત્રી, મણીબાઈ ડુંગરશી ધરમશી કચ્છ સાંધાણ હાલે મુંબઈની દૌહિત્રી તથા રત્ન કુક્ષી પ્રભાબેન મહેન્દ્રભાઈ લોડાયાની પુત્રી મુમુક્ષુ મોનિકાબેન (સી.એ.) ભગવતી દીક્ષા સ્વીકારી રહ્યાં છે. આ સાથે ખાનદેશવાસીઓને સૌ પ્રથમવાર દીક્ષા મહોત્સવનો ધન્ય લાભ પ્રાપ્ત થઈ રહ્યો છે. જેનો આનંદ સૌ પ્રદેશવાસીઓને દિલમાં સમાતો નથી.

પ્રવજ્યા પ્રસંગે નિશ્રા પ્રદાતા આગમ દિવાકર પ.પૂ.આ.ભ.શ્રી મહોદયસાગર સૂરિશ્વરજી મ.સા આદિઠાણા, પ.પૂ. મહાપ્રજ્ઞાશ્રીજી મ.સા., પ.પૂ.દિવ્યદર્શનાશ્રીજી મ.સા., પ.પૂ.સંયમ ગુણાશ્રીજી મ.સા., પ.પૂ. જય દર્શિતાશ્રીજી મ.સા., પ.પૂ.સમ્યગદર્શાશ્રી જી મ.સા., પ.પૂ. મુક્તિરસાશ્રીજી મ.સા., પ.પૂ.હર્ષવદનાશ્રીજી મ.સા. અને પ.પૂ.હર્ષ નિધિશ્રીજી મ.સા. પ્રવજ્યા પ્રયાણોત્સવનો આ મંગળ ત્રિદિવસીય પ્રસંગ તા. ૩ જાન્યુઆરી ગુરૂવારથી વર્ધમાન શક્રસ્તવ અભિષેક, શ્રી પાર્શ્વનાથ પંચકલ્યાણક પૂજા, શ્રી ભક્તિ ભાવના તા. ૩૧ જાન્યુઆરી શુક્રવાર રોજે વરસીદાન શોભા યાત્રા, શ્રીબેઠો વરસીદાન, શ્રીચક્ર બંધ કપડાં રંગાવનો, શ્રી અંતિમ વાયણા, શ્રી વિદાઈ સમારોહ તથા તા. ૧ ફેબ્રુઆરી શનિવારના દિને પ્રાતઃ ૫.૩૦ કલાકે મંગલ પ્રભાત શહનાઈ વાદન, સવારે ૬.૩૦ કલાકે સ્નાત્ર પૂજા સવારે ૮.૩૦ કલાકે પરમ સુખ આપનારી અનંતકર્મોનો ભુક્કો બોલાવનારી દીક્ષા વિધિના પ્રારંભ મહોત્સવ સ્થળ શ્રી પદમપ્રભ સ્વામિ જૈન શ્વેતાંબર દેરાસર, સ્ટેશન રોડ, ચાલીસગામ, જિલ્લો જલગામ. સંપર્ક માટે ઈંદ્રિશભાઈ પોલડીયા-૭૫૮૮૬૪૭૯૦૩ અને ચંદ્રેશભાઈ લોડોયા-૯૪૨૨૭૭૯૭૨૧.


જ્ઞાતિમૈયા માં
આપની કોઈપણ મેટર અથવા જાહેરાત મોકલો
Email Id : gyatimaiya2018@gmail.com
Email Id : mahajansamast@gmail.com
Website : www.kdosamastamahajan.org
અથવા વૉટ્સએપ પર મોકલો
9322257731

VEENA NAGDA BOLLYWOOD MEHENDI QUEEN ACADEMY
મેહંદી ના ઑર્ડર પર લઈ જવા માં આવશે.
CERTIFICATE COURSE
All Types of Mehendi & Personality Development
40 Years Experience in Mehendi
• Basic
• Floral
• Cutwork
• Movie Mehendi
• Figure
• Western
• Portrait
Etc.
Special Discount KDO

BATCH IS STARTING FROM 2ND JAN2019
For Inquiry & Admission Time : 11 am to 4 pm
Working Women's Special Batch on Sunday
OUT OF MUMBAI,INQUIRIES ALSO AVAILABLE.
Add : 52,Anant Niwas,Third floor, Bhat Bazar,N.N.Street, Masjid Bunder(W), Near Railway Station, Above E.H.kathawala
Call : 9820431717 / 9920641717
Email : veenanagda17@gmail.com
Special Discount For S.S.C
We also book bridal & party orders
www.veenabollywoodmehendi.com

# વડોદરાના લાલકા પરિવાર દ્વારા ગીરનાર યાત્રા પ્રવાસ

સંઘ માતા નિર્મલાબેન કુંવરજી લાલકા પરિવાર તરફથી શ્રી ક.દ.ઓ જૈન સમાજ વડોદરાના ૫૪ ભાવિકોને તા. ૨૯-૧૧-૧૯ થી તા.૧-૧૨-૧૯ ત્રણ દિવસની ગીરનારની યાત્રા કરાવવામાં આવી. જેમાં તમામ યાત્રીકોએ શ્રી નેમીનાથ ટુક સુધી ભક્તિભાવપૂર્વક સુખ શાતામાં યાત્રા કરી હતી. લાલકા પરિવાર છેલ્લા ૧૦ વર્ષથી પાલીતાણા છ ગાઉની યાત્રા વડોદરાના ભાવિકોને નિશુલ્ક કરાવે છે. તથા શ્રી સમેત શીખરજીની યાત્રાનો લાભ પણ તેમણે લીધેલ હતો. આમ વડોદરા સમાજ લાલકા પરિવાર સંઘવી પરિવાર તરીકે નામના મેળવી રહ્યો છે. ખૂબ ખૂબ અનુમોદના

# વિમલનાથ જિનાલયની ૧૦મી વર્ષગાંઠ

શ્રી ક.દ.ઓ. જૈન સમાજ વડોદરા શ્રી વિમલનાથ દાદાના ચમત્કારીક જિનાલયજીની દસમી વર્ષગાઠ નિમિત્તે અઢાર અભિષેક તથા ધ્વજારોહણ વિધાન પ.પૂ.સા. હિતપ્રજ્ઞાશ્રીજી મ.સા. તથા. પ.પૂ.સા. રૂજુપ્રજ્ઞાશ્રીજી આદીઠાણાની પાવન નિશ્રામાં વિ.સં.૨૦૭૬ માગસર વદ ૫ ને સોમવાર તા. ૧૬-૧૨-૨૦૧૯ના શુભદિને ઉજવાયો. ધજા ચડાવવાની બોલીનો ચડાવો સંઘ માતા નિર્મલાબેન કુંવરજી લાલકા પરિવારે લીધો હતો. સંઘ સ્વામિ વાત્સલ્યનો લાભ માતુશ્રી નવલબેન જેચંદ લોડાયા પરિવારે લાભ લીધેલ. ધ્વજા મહોત્સવમાં ૩૦૦થી વધુ શ્રાવકોએ હાજર રહી ભાવપૂર્વક ધર્મ આરાધના કરી હતી.

# વડોદરામાં શાઈનીંગ સ્ટાર પાઠશાળામાં ધાર્મિક શિબિર

વડોદરા નગરે પ.પૂ.નરેન્દ્ર-અરૂણ-ધૈર્યબાગના માતૃહૃદયા મધમધાયિમાન પુષ્પરૂપ પ.પૂ.સા. ગુણમાલાશ્રીજી મ.સા.ના શિષ્યા શ્રી પ.પૂ.સા.શ્રી હિતપ્રજ્ઞાશ્રીજી મ.સા. તથા પૂ.સા. ઋજુપ્રજ્ઞાશ્રીજી મ.સા. આદી ઠાણા ૨ની પાવન નિશ્રામાં બહેનોની ૬ શિબિર થઈ. ૩૦ બહેનોએ લાભ લીધો અને ૬ બહેનો પરિક્ષા આપી ઉત્તિર્ણ થઈ હતી. ટીનએજર્સની શિબિરમાં ૧૪ યુવાઓએ ભાગ લીધો.

નાના ભૂલકાની શાઈનિંગ સ્ટાર પાઠશાળા ૧૭ તારીખે યોજાઈ હતી જેમાં ૨૭ બાળકોએ ભાગ લીધો હતો. આર્ય રક્ષિત જૈન વિદ્યાપીઠ દ્વારા આયોજીત પરિક્ષામાં બાળવર્ગમાં ૬ વિદ્યાર્થી ઉત્તિર્ણ થયા, ધોરણ ૧ માં ૫ તથા ધોરણ ૨માં ૧ વિદ્યાર્થી સારા માર્ક મેળવી ઉત્તિર્ણ થયા હતા.

# વડોદરા મુકામે શ્રી ચકેશ્વરી માતાજીનું પૂજન સંપન્ન

માતુશ્રી નવલબેન જેચંદ લોડાયા પરિવાર તરફથી શ્રી કેડીઓ ભવનમાં તા. ૧૭-૧૨-૨૦૧૯ ને મંગળવારના રોજ ચકેશ્વરી માતાજીનું પૂજન ભણાવવામાં આવ્યું હતું. અમીત શાહએ પોતાની સંગીત મંડળી સાથે ભક્તિની રમઝટ જમાવી હતી. લગભગ ૭૫ વ્યક્તિઓએ પૂજાનો લાભ લીધેલ. બહારગામથી પણ પરિવારના સ્નેહી સ્વજનોએ મોટી સંખ્યામાં હાજરી આપી. સ્વામિ વાત્સલ્યનો લાભ માતુશ્રી નવલબેન જેચંદ લોડાયા પરિવારે લીધો હતો. આ પૂજનમાં ૩૦૦થી વધુ ભાવિકોએ હાજર રહી ભક્તિ આરાધના કરી હતી.


જ્ઞાતિમૈયામાં ડિઝીટલ મેગેઝીનમાં જાહેરાતોના દરો

| પ્રકાર | સાઈઝ | ૧ વખત | ૪ વખત/૧ મહિના | ૧૩ વખત/૩ મહિના | ૨૬ વખત/૬ મહિના | ૫૨ વખત/૧૨ મહિના |
|---|---|---|---|---|---|---|
| આખું પાનું | 155 x 225 mm | 1,000.00 | 3,500.00 | 10,000.00 | 18,000.00 | 35,000.00 |
| અડધુ પાનું | 155 x 110 mm | 800.00 | 3,000.00 | 9,000.00 | 15,500.00 | 30,000.00 |
| પા પાનું | 75 x 110 mm | 500.00 | 1,800.00 | 5.500.00 | 10,500.00 | 20,000.00 |

ચેક SHRI SAMASTA KUTCHI DASA OSWAL JAIN MAHAJAN ના નામે લખવા

# સગપણ સેતુ



શ્રી સમસ્ત કચ્છી દશા ઓશવાલ જૈન મહાજન-જ્ઞાતિમૈયાના માધ્યમથી જ્ઞાતિના લગ્નોત્સુક યુવક-યુવતીઓને યોગ્ય પાત્ર મળે એ માટે શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન જ્ઞાતિ મહાજન મુંબઈની સગપણ સેતુ સમિતિના સહકાર સહયોગથી સગપણ સેતુ નામથી વિભાગ શરૂ કરેલ છે.

આસુવિધાનોલાભલેવાજ્ઞાતિજનોપોતાનોસંપૂર્ણબાયોડેટા-ફોટાસાથે કન્વીનર મનીષા લાલકા(૯૮૨૦૫૪૫૭૩૪), જલ્પા લોડાયા(૯૮૬૭૬૧૫૯૧૩), જસ્મીન સાયલા, જસ્મીન ધુલ્લા. કલ્પેશ લોડાયા, હિતેશ નાગડા, રિતેશ ખોના, પ્રગ્નેશ નાગડા, વર્ષા લોડાયાનો સંપર્ક કરવો.



**Personal Details :**

Name : Hiral Jagdish Gorji
Date of Birth : 28th April 1985
Birth Time : 05:40 pm Evening
Height : 5'10"
Weight : 62 KGS
Birth Place : Vasai (Dist. Thane)
Kutch : Jakhau
Place : Mumbai
Body Color : Whitish
Hobbies : Music, Cricket & Driving
Educational : B.Com.,
Diploma in Computer Science
Degree in Portfolio Analysis & Investments
Fixed Income Money Market & Derivatives
NSE-BSE Derivatives Advance
M.B.A. in Finance from Institute of Technology & Management

**Family Background :**

Father : Jagdish Bhanuchand Gorji (Retired)
Mother : Surya Jagdish Gorji (Housewife)
Younger Sister : Nehal Gorji (Lawyer) Married
Working : Phillipeapital Head Derivatives & Equity for fixed income (Lower Parel)
Residence Address : Plot no.67, Mehta House, Banganga Rd., Room No.1/2, Ground Floor, Walkeshwar, Mumbai - 6.
Contact No. : 9819272703
E-Mail : hiralzone@gmail.com

Gyatimaiya KDO Mahajan Code No. B-31



**Personal Details :**

Name : Dimple Kulin Lodaya
Date of Birth : 4th Dec. 1993
Height : 5'1" (153 cm)
Weight : 52 KGS
Birth Place : Mulund (West)
Kutch : Aarikhana
Body Color : Whitish
Hobbies : Drawing, Craft, Quilling, Calligraphy, Painting
Educational : B.Com

**Family Background :**

Father : Kulin Shivji Lodaya
Mother : Rashmi Kulin Lodaya (Homemaker)
Younger Sister : Kinjal Ruvi Bhansali-Married
Working : Job as a Accountant
Residence Address : 3, Ishwar Krupa, Kopar Cross Road, Shastri Nagar, Dombivali (West) - 421 201.
Contact No. : 9820869708
E-Mail : kulinlodaya28@gmail.com

Gyatimaiya KDO Mahajan Code No. G-31

નોંધ : જે પાત્રો સગપણ સંબંધે જોડાય તેઓ અમને જાણ કરે જેથી અમે અમારા રેકોર્ડમાં સુધારો કરી શકીએ.



# વતનજા વાવડ ...

– સં. રાજન ચંદે 'ધૂની'

● રાજ્ય કક્ષાની ખેલ મહાકુંભ ૨૦૧૯૮માં ચેસ ટૂર્નામેન્ટનું આયોજન ઉંમિયા કેમ્પસ સોલા-અમદાવાદ ખાતે કરાયું. જેમાં અંડર-૧૪ ગર્લ્સ વિભાગમાં કુલ ૧૨૮ ખેલાડીઓએ ભાગ લીધો હતો. ભુજની પ્રાપ્તિ સુનીલભાઈ દત્ત રાજ્યકક્ષાએ ચેમ્પિયન થઈ તેમજ નેશનલ કક્ષાએ ટૂર્નામેન્ટ માટે પસંદગી પાત્ર થઈ છે. તે નાની ઉંમરે નેશનલ તેમજ ઈન્ટરનેશ્નલ ચેસ ટૂર્નામેન્ટ રમી છે.

● માનકૂવાની ૧૪ વર્ષીય રતિકુમારી ભાવેશ વોરા, સુરતમાં તા. ૨ જી ડિસેમ્બરે યોજાયેલ ૧૮ દીક્ષા મહોત્સવમાં દીક્ષા અંગીકારી સંયમ પંથ ગ્રહણ કર્યો છે.

● દેશનું સૌથી મોટું ઈસ્કોન મંદિર ભુજમાં નિર્માણ પામશે. જેનું શાસ્રોક્ત વિધિ સાથે ભૂમિપૂજન એરપોર્ટ રિંગ રોડ પર રતિયા ગામની સીમમાં ભવ્યતાથી થયું. ૧૬ એકરના વિશાળ વિસ્તારમાં નિર્માણ થનારુ ભવ્ય ઈસ્કોન મંદિર ન માત્ર ગુજરાતનું બલ્કે ભારતનું સૌથી મોટા મંદિરો પૈકીનું એક હશે એવી માહિતી ઈસ્કોનના રાષ્ટ્રીય વડા ગોપાલ કૃષ્ણ ગોસ્વામી મહારાજે આપી હતી. આ ભવ્ય મંદિર ત્રણવર્ષમાં તૈયાર થઈ જશે.

● રણોત્સવના આયોજન બાદથી દેશ-વિદેશના પ્રવાસીઓ માટે કચ્છ એક શ્રેષ્ઠ ટૂરિસ્ટ ડેસ્ટીનેશન તરીકે ઊભરી આવ્યું છે. ત્યારે આયોજન વિભાગની ૨૬ કરોડના ખર્ચે જિલ્લાના પાંચ પ્રવાસ ધામો જેમાં લખપતનો કિલ્લો, ધોળાવીરા સાઈટ, માતાના મઢ, અંજારનું જેસલ તોરલ મંદિર અને ધીણોધર થાન જાગીર છે. એના વિકાસ માટેના કામોનું પહેલું ચરણના કામો શરૂ કરાયા છે.

● ઓલ ઈન્ડિયા મલયાલી એસો ગુજરાત ચેપ્ટર, કચ્છ મલયાલી વેલફેર એસો., નારાયણ ટ્રસ્ટ અને મલયાલમ મિશન વિગેરે સંગઠનોના દ્વારા કેરલ રાજ્યના ૬૩માં સ્થાપના દિવસની ત્રણ દિવસીય ઉજવણી ગાંધીધામ ખાતે કરાઈ. જેમાં કાવ્ય પઠન, વકતૃત્વ સ્પર્ધા, પ્રશ્નોતરી, કાર્ટૂન પ્રદર્શન વિગેરેનું આયોજન કરાયું.

● ગુરૂનાનક દેવજીના ૫૫૦ પ્રકાશ ઉત્સવની ઉજવણી ગાંધીધામ ખાતે કાર્યક્રમોનું આયોજન કરાયું હતું. નગર કીર્તન, પ્રવચન અને સત્સંગ ઉપરાંત દરબાર સાહેબ અમૃતસરના રાગીભાઈ, ગુરૂજિત સિંઘે વ્યાખ્યાન આપી ગુરૂપર્વની ઉજવણીની મહત્વતા વિશે સમજ આપી હતી. બપોરે પ્રસાદનો બહોળી સંખ્યામાં ભાવિકજનોએ લાભ લીધો હતો.

● મુંદ્રા તાલુકાના ઝરપરાની ચારણ સમાજવાડીમાં કચ્છ ચારણ સમાજનો સ્નેહમિલન અને મેળાવડામાં શિક્ષણ, આરોગ્ય અને સંસ્કૃતિ તેમજ સંસ્કારોના જતન પર ભાર મૂકાયો હતો. આદિપુર ખાતે ચારણ સમાજની કન્યાઓ માટે કન્યા છાત્રાલયનું નિર્માણ કાર્ય કરનાર નારાણજીભાઈ અયાચીનું સન્માન કરાયું હતું.

● અચલગચ્છ જૈન દેરાસર શીતલનાથ જિનાલય-મુંદ્રા તરફથી લાભ પાંચમ પર્વ નિમિત્તે નવજીવન જીવદયા ગ્રુપ ચેરિટેબલ ટ્રસ્ટ, માંડવી પાંજરાપોળ અને ગૌશાળામાં અપંગ ગાયો તથા વાછરડાઓ માટે ઘાસનું નીરણ કરવા માટે દાન અપાયું હતું.

● ભુજના વડનગર નાગર જ્ઞાતિ વ્યવસ્થા પક મંડળ દ્વારા ૧૯૯૪માં નિર્માણ કરાયેલા હાટકેશ કોમ્પલેક્સની રજત જયંતિની ત્રિદિવસીય ઉજવણી પ્રસંગે હોમાત્મક લઘુરુદ્ર હવન, સાંસ્કૃતિક કાર્યક્રમ સહિતના આયોજન થયા હતા વિવિધ સ્પર્ધાના વિજેતાઓને પુરસ્કૃત પણ કરવામાં આવ્યા હતા. વિવિધ સ્પર્ધા નિર્ણાયકો તેમ જ ૧૯૬૫માં જ્ઞાતિમાં સર્વ પ્રથમ રક્તદાન કરનારા ચંદ્રવદન ભાઈ ધોળકિયાનું પણ વિશેષ સન્માન કરાયું.

● કચ્છ યુનિવર્સિટીના અર્થશાસ્ત્ર વિભાગના અધ્યક્ષ ડો. કલ્પના સતીજાના કાર્યની વિશ્વ આરોગ્ય સંસ્થાએ નોંધ લઈ ગાંધી પીસ એમ્બેસેડક ઈન્ટરનેશનલ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે. તેઓ ઘણા વર્ષોથી બેટી બચાઓ બેટી પઢાઓ, સેવ ગર્લ ચાઈલ્ડ સ્રીઓના સામાજિક અને આર્થિક અધિકારો તેને લગતા કાયદાઓનું જ્ઞાન, એલ.જી.બીટીના અધિકારો અને આત્મ હત્યા અટકાય ઝુંબેશ પર કામકરી રહ્યાં છે.

# જીવન ઘટમાળ

**● જન્મ ●**

| | | | | |
|---|---|---|---|---|
| ૦૬.૧૧.૨૦૧૯ | માટુંગા | શૌર્ય દક્ષા નરેન્દ્ર કરમશી મોતા | લાખણીયા | પુત્ર |
| ૦૮.૧૧.૨૦૧૯ | મસુર | દુર્વિકા વિણાબેન નિતિન રાયચંદ ધરમશી | કોઠારા | પુત્રી |
| ૧૦.૧૧.૨૦૧૯ | ગાંધીધામ | અતિક્ષ, માનસી પ્રતિક ખોના | સાંધવ | પુત્ર |
| ૧૨.૧૧.૨૦૧૯ | કાંકરોલી | અનંત હીરાવંતી માણેકજી ધનજી દંડ | લાલા | પુત્ર |

**● જ્ઞાતિ સગપણ ●**

| | | | | |
|---|---|---|---|---|
| ૧૪.૦૨.૨૦૧૯ | કાંદિવલી | પરેશ મણીલાલ ડાયાલાલ ખોના | સેવક ભરૂડિયા | ૨૪ |
| | ડોમ્બીવલી | રિધ્ધિ નવીનચંદ્ર કુંવરજી ધરમશી | ગોરખડી | ૨૧ |
| ૧૫.૧૨.૨૦૧૯ | મુલુંડ | રીતીક ત્રિવેન્દ્ર ચંદુલાલ દંડ | ધ્રાફા | ૨૮ |
| | હૈદરાબાદ | રીતીકા લલીતકુમાર ટોકરશી લોડાયા | રાપર ગઢવારી | ૨૫ |

**● આંતરજ્ઞાતિ સગપણ ●**

| | | | | |
|---|---|---|---|---|
| ૦૯.૧૧.૨૦૧૯ | ઈંદોર | શુભમ અંગુરબાલા ભાગચંદ જૈન | દેવાસ | |
| | ઈંદોર | દિશા કાજલ જિતેંદ્ર ગુલાબચંદ ધરમશી | જખૌ | |
| ૨૮.૧૧.૨૦૧૯ | નાલાસોપારા | કેયુર જગદિશ ગાલા | દેવપર | ૩૦ |
| | વડોદરા | હની પ્રિતમ લાલકા | લાલા | ૨૮ |
| ૧૫.૧૨.૨૦૧૯ | બોરીવલી | જનક ભરતભાઈ રણશી દેઢિયા | પુનડી | ૩૩ |
| | ઘાટકોપર | કેતકી હિરેન ચંદુલાલ શિઆડ (શાહ) | તેરા | ૩૪ |

**● લગ્ન ●**

| | | | |
|---|---|---|---|
| ૦૮.૧૧.૨૦૧૯ | ઈંદોર | આકાશ ચેતના વિપુલ વીરચંદ દંડ | વરાડીયા |
| | અમલનેર | ઉર્મી મિનલ કિશોર ઉમરશી લોડાયા | જખૌ |
| ૧૪.૧૧.૨૦૧૯ | થાણે | મોક્ષલ મીના ગૌતમ રતીલાલ લોડાયા | સુથરી |
| | થાણે | રેણુકા ગુલાબ મણિલાલ લોડાયા | નલિયા |
| ૨૮.૧૧.૨૦૧૯ | ભાંડુપ (પ) | રોનક મધૂરી ચંદ્રકાંત મેઘજી મોમાયા | વરાડીયા |
| | ડોંબિવલી (પૂ) | સ્નેહા જયશ્રી દિનેશ કલ્યાણજી નાગડા | જખૌ |
| ૦૨.૧૨.૨૦૧૯ | ડોંબિવલી (પ) | હેમાંગ દક્ષા પ્રશાંત શામજી મોતા | સુખપુર |
| | ભાંડુપ (પ) | હર્ષીતા ભાવના ગુલાબ ખીમજી પોલડીયા | ડુમરા |

**● આંતરજ્ઞાતિ લગ્ન ●**

| | | | | |
|---|---|---|---|---|
| ૧૬.૧૧.૨૦૧૯ | કાંદિવલી | પ્રવિણ લખન નાનકુ સિંગ | રાંચી | ૩૩ |
| | થાણે | માહી રાજેન્દ્ર કુંવરજી લાલકા | બાંઢીયા | ૩૦ |
| ૨૨.૧૧.૨૦૧૯ | ડોમ્બીવલી | ચિંતન દિપક કલ્યાણજી મૈશેરી | જખૌ | ૨૮ |
| | ડોમ્બીવલી | વિદીતા શરદ ગોવિંદ ગાવડે | સાંવતવાડી | ૨૬ |
| ૨૩.૧૧.૨૦૧૯ | મુલુંડ (પ) | રૂપેશ જાગૃતિ રાજેશ ચંપકલાલ શાહ | કુમ્ભણ | |
| | મુલુંડ (પ) | યામિની પારૂલ યોગેશ ધનજી ધુલ્લા | કોઠારા | |
| ૦૨.૧૨.૨૦૧૯ | લોનાવલા | રવિ નિર્મળા મુકેશ જીવરાજ મોમાયા | વરાડીયા | |
| | પુણે | આયુષી યોગીની અજય અડાવડકર | અડાવડ | |
| ૦૬.૧૨.૨૦૧૯ | બેંગ્લોર | નિખિલ શ્રીધર નાગ | | ૩૧ |
| | રાયચુર | નિરાલી શ્રીકાંત બંકીમચંદ લોડાયા | સુથરી | ૨૮ |

## જીવન ઘટમાળ

**• મરણ •**

| | | | | |
|---|---|---|---|---|
| ૧૨.૧૨.૨૦૧૯ | શીરપુર | ઈવા કેવલ નાગડા | લુણી | ૯ મહિના |
| ૧૨.૧૨.૨૦૧૯ | અંકલેશ્વર | નવલબાઈ જેઠાભાઈ દંડ | લાલા | ૮૪ |
| ૧૭.૧૨.૨૦૧૯ | મુલુંડ (પ) | ઉષાબેન જિતેંદ્ર ધુલ્લા | તેરા | ૭૨ |
| ૧૭.૧૨.૨૦૧૯ | સાયન | ઝવેરચંદ હંસરાજ ધરમશી | સેવક ભરૂડીયા | ૭૦ |
| ૧૮.૧૨.૨૦૧૯ | ડોંબિવલી (પ) | પ્રવિણ જેઠાભાઈ ખોના | કોઠારા | ૫૫ |
| ૧૮.૧૨.૨૦૧૯ | મુલુંડ (પ) | નિર્મલા કુવંરજી લોડાયા | બાંઢીયા | ૬૨ |

Samast Mahajan, Sanjivani Initiative

KDO

**CASE No.: 13**

**DONATION NEEDED!**

## MR. HARISH PADAMSHI DAND

**Age:54, Lala, Vadodara.**

**A sole breadwinner of the family, unfortunately met with an accident. Craniotomy Surgery is performed in emergency @ Neuron Hospital. He is Stable and showing signs of improvement.**




**DONATION REQUIRED Rs.5 Lacs**

**Bank Details:**
Name: **Shri Samasta Kutchi Dasa Oswal jain Mahajan**
Bank : **Dena Bank** Branch : **Mulund (West)**
**S. A/C. No. 009410031785**
**IFSC code. : BKDN0460094**

For Live Donations on Sanjivani App pls contact: **+91 90990 41414**

Shri Samast KDO Jain Mahajan
Medical Committee

In case of Mobile/NEFT Transfer, kindly forward transfer details on 90990 41414

## शुरु किजिए
## गृहिणी से बिजनेसवुमन बनने का सफर

अब आप अपने मनचाहे समय पर काम करने की सुविधा के साथ अपने काम और घर के बीच संतुलन बना सकती है।

हमारे साथ मिलकर आपके लिए अपना बिजनेस शुरु करने का अनोखा मौका यहाँ है।





## તમારા જીવનની બીજી ઈનિંગ્સ શરૂ કરો બિઝનેસની અનોખી તક સાથે.

જો તમે નિવૃત્ત હો તો પણ
હવે તમે આવક મેળવી શકો છો.
આત્મનિર્ભર બનવાની તમારા માટે
આ અનોખી તક છે.



## NO TARGETS, NO DEADLINES, ONLY ENDLESS OPPORTUNITIES TO EARN, WITH FLEXIBLE TIMINGS

Here is your opportunity to fulfill all your wishes and dreams by investing few hours in a day

## One Opportunity Many Benefits

- Fixed Salary
- Unlimited Income
- PF & ESI Benefits
- Part-time / Full-time Opportunity
- International Conventions

**Give more to life**

**For details**
**Contact : 8850840380**




insurancekhoj.com™

the ultimate stop for insurance™

Yashodhan Karani – 9821137737 ♦ Deepak Karani - 9821082664

Karani

insurancekhoj@gmail.com • 9004999900

# 404, BPS PLAZA, DEVIDAYAL ROAD, MULUND (WEST), MUMBAI - 400 080.

MUMBAI • PUNE • JALGAON • JAMNAGAR • BHUJ • RAJKOT • HUBLI • BHOPAL

KDO Gyatimaiya Weekly E-magazine KDO